૧૩/


| SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" (CGPA 3.05) by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ | બેટી બચાવો બેટી પઢાવો |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 - | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |

website :- www.saurashtrauniversity.edu
e-mail id :- dcp.of.phy.edu@gmail.com


વિષય :- શહીદ વીર કિનારીવાલા વિધાર્થી સુરક્ષા જુથ વિમા યોજનાનાં ફોર્મમાં કેટલાક સુધારા થયા તેની જાણ કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : રસય/એન.એન.એસ./વિમા/૨૦૧૬/૧૫૪૦-૧૬૦૦. તા.૩૧/૦૩/૨૦૧૬

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિ.સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તેમજ જુદા-જુદા વિભાગના વડાશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓના આકસ્મિક મૃત્યુના બનાવ તથા ઈજાગ્રસ્ત થવાના સમયે રક્ષણ આપવા માટે નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826) સચિવાલય ગાંધીનગર તારીખ ૦૧/૦૪/૨૦૧૩ થી રાજય સરકાર દ્વારા "શહીદ વીર કિનારીવાલા સુરક્ષા જુથ વિમા યોજનામાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સાથે સુધારા ઠરાવ સામેલ છે.

આકસ્મિક મૃત્યુના બનાવ તથા ઈજાગ્રસ્ત થવાના સમયે રક્ષણ આપવા અંગેનાં કેઈસ નીચે દર્શાવેલ સ્થળે મોકલવાનો રહેશે. અન્ય કિસ્સાઓમાં મૃત્યુ અંગેનાં કેઈસ શારીરિક શિક્ષણ વિભાગ સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટને મોકલવાનાં રહેશે.

આકસ્મિક મૃત્યુના બનાવ તથા ઈજાગ્રસ્ત થવાના સમયે વિમાની આર્થિક સહાય મેળવવા અંગેનાં વિમા દાવાની દરખાસ્ત બે નકલમાં જે તે સંસ્થાના આચાર્યશ્રીના સહિ સિક્કા કરી ચેક લિસ્ટ મુજબ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૦૨, ગાંધીનગર ખાતે મોકલવાની રહેશે.

બિડાણ :- રાજય એન.એસ.એસ. અધિકારીશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર ગુ.રા. .દ્વારા આવેલ પત્ર. પાના : ૦૧ થી ૮૯.

નં.શા.શી./શ.વી.કિ.વિ.સુ.જુ.વી.યો./૦૪/૨૦૧૬
શારીરિક શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ.
તા.૧૧/૦૪/૨૦૧૬

કુલસચિવ

પ્રતિ,

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ.
(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલીત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના જુદા જુદા વિભાગ ના વડાઓ.

નકલ રવાના સારૂ.

(૧) માન કુલપતિશ્રી ના અંગત સચિવશ્રી.
(૨) કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી.

શહિદ વીર કિનારીવાલા
વિદ્યાર્થી સુરક્ષા જુથ વીમા યોજના......

ક્ર:રસય/એન.એસ.એસ./વીમા./૨૦૧૬/૧૫૪૦-૧૬૦૦
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં.૧૨/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા ૩૧ / 03 /૨૦૧૬

પરિપત્ર:-

ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના આક્સ્મિક મૃત્યુના બનાવ તથા ઇજાગ્રસ્ત થવાના સમયે રક્ષણ આપવા માટે નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક –જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826) ,ન સચિવાલય ગાંધીનગર તારીખ ૧/૪/૨૦૧૩ થી રાજ્ય સરકાર દ્વારા "શહીદ વીર કિનારીવાલા સુરક્ષા જુથ વીમા યોજનામાં કેટલાંક સુધારા કરવામાં આવેલ છે .આ સાથે સુધારાઠરાવ સામેલ છે.

અરજદારે વીમા દાવાની દરખાસ્ત બે નકલમાં જે તે સંસ્થાના આચાર્યશ્રીના સહિ સિક્કા કરી ચેક લિસ્ટ મુજબ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૧૨/૨,ગાંધીનગર ખાતે મોકલવાની રહેશે

આ નાણાંવિભાગ ના સુધારા ઠરાવ ક્રમાંક જવય-૧૦૨૦૧૧-0-૩૦૮-(IWDMS No.186826) ,ન તા.૧૯/૩/૨૦૧૬ નો વિદ્યાર્થીઓમાં બહોળી પ્રસિધ્ધિ થાય તે અંગેની ઘટતી કાર્યવાહી જે તે કોલેજના આચાર્યશ્રી/સંસ્થાના વડાએ કરવાની રહેશે.

રાજ્ય એનએસએસ અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર,

નકલ સાદર રવાના:-

* માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર
*અગ્ર.સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય ગાંધીનગર
*કમિશનરશ્રી,ટેકનીકલ શિક્ષણ,ગુ.રા.ગાંધીનગર
*નિયામકશ્રી,વીમાનિયામકની કચેરી,ગુ.રા.ગાંધીનગર

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ:-

*કુલ સચિવશ્રી,યુનિવર્સિટીઓ(તમામ)-સંલગ્ન કોલેજોને આ ઠરાવ અને સામેલ નિયત પરિશિષ્ટો જરૂરી કાર્યવાહી અર્થે મોકલવા સારૂ
* આચાર્યશ્રી,ગ્રામવિદ્યાપીઠ/જી.બી.ટીસી કોલેજો(તમામ)
*હુકમ ફાઇલે



1

ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત
વીમા યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
સુધારા-ઠરાવ ક્રમાંક :જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૩/૨૦૧૬.

વંચાણે લીધો: (૧) નાણા વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૧/૦૪/૨૦૧૩નો ઠરાવ.
(૨) નાણા વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૫/૦૮/૨૦૧૪નો સુધારા-ઠરાવ.
(૩) નાણા વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૬/૦૧/૨૦૧૬નો સુધારા-ઠરાવ.

-:આમુખ:-

ઉપર વંચાણે લીધેલ ક્રમ: (૧) આગળના નાણા વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૩ના ઠરાવ અન્વયે ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાના અમલીકરણ દરમ્યાન શ્રમ અને રોજગાર વિભાગને કેટલીક મુશ્કેલીઓ જણાતા તેઓની રજુઆતના આધારે ઉપર વંચાણે લીધેલ ક્રમ: (૨) આગળના નાણા વિભાગના તા.૦૫/૦૮/૨૦૧૪ના સુધારા-ઠરાવ અન્વયે યોજનાની કેટલીક શરતોમાં સુધારો બહાર પાડવામાં આવેલ હતો.તાજેતરમાં પણ આ યોજનાના અરજીપત્રકને વધુ સરળ બનાવવાના હેતુસર અને યોજનાના અમલીકરણમાં જણાતી મુશ્કેલીઓ બાબતે આ યોજના સાથે સંકળાયેલ મુખ્ય બે વિભાગો કૃષિ અને સહકાર વિભાગ તથા શ્રમ અને રોજગાર વિભાગ પાસેથી સમર્થન/સૂચનો મંગાવતા આ બંને વિભાગોએ નાણા વિભાગ દ્વારા મોકલવામાં આવેલ આ યોજનાના સરળ અરજીપત્રકને તેઓનું સમર્થન પાઠવેલ છે. વધુમાં,કૃષિ અને સહકાર વિભાગ દ્વારા પત્રથી તથા શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તેઓની ફાઇલ ક્ર.:શ્રસય/૧૩૨૦૧૩/૫૩૨૨૫૮/મ.૨ ઉપર આ યોજનાની હાલની કેટલીક શરતોમાં અમુક સુધારા કરવા દરખાસ્ત મોકલી આપેલ હતી,જે રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. આ અંગે અગાઉ બહાર પાડેલ ઉપર વંચાણે લીધેલ ક્રમ: (૩) માં દર્શાવેલ તા.૦૬/૦૧/૨૦૧૬નો સુધારા-ઠરાવ મૂળ અસરથી રદ કરી આ સાથે નીચે દર્શાવ્યા પ્રમાણે નવો સુધારા-ઠરાવ આથી બહાર પાડવામાં આવે છે.

સુધારા-ઠરાવ

રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગો તરફથી મળેલ સમર્થન/સુચનોને ધ્યાનમાં લઈ કાળજીપૂર્વકની વિચારણાના અંતે ઉપર આમુખમાં દર્શાવેલ વિગતે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજનાના તા. ૦૧/૦૪/૨૦૧૩ના સરખા ક્રમાંકના ઠરાવમાં સામેલ અરજીપત્રકને (પરિશિષ્ટ-૧) આથી રદ કરી આ સુધારા-ઠરાવ સાથે સામેલ કરેલ સુધારેલ સરળ અરજીપત્રક બહાર પાડવામાં આવે છે,તદઅનુસાર ૨૦૧૬-૧૭ ના નાણાકિય વર્ષથી આ નવા અરજીપત્રક મુજબ જે તે અરજદારે આ યોજના હેઠળ લાભ લેવા અરજી

-૨-

કરવાની રહેશે.આ ઉપરાંત, આ યોજનાની કેટલીક શરતોમાં પણ આ સાથે નીચે દર્શાવ્યા મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) ખેડૂતના એક વારસદાર તરીકે ગુજરાત જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ ખાતેદાર ખેડૂતના પતિ/પત્નિ સિવાયના પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી)ને હાલમાં આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે, જ્યારે ખેડૂત ખાતેદારના વારસદાર પતિ/પત્નીને હાલમાં આ યોજના હેઠળ ખાતેદાર સમાવેશ કરવામાં આવેલ નથી. આથી, તેમાં સુધારો કરીને આગામી નાણાકીય વર્ષથી ખાતેદાર ખેડૂતના વારસદાર તરીકે પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) ઉપરાંત, ખેડૂત ખાતેદારના પતિ/પત્નીને આ યોજના હેઠળ સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવે છે. પ્રસ્તુત સુધારાના કારણે કૃષિ અને સહકાર વિભાગે પ્રિમિયમની રકમમાં જે કાંઈ વધારો થાય તે મુજબ પ્રિમિયમની રકમ વીમા નિયામકશ્રીની કચેરીને ભરપાઈ કરી આપવાની રહેશે.

(૨) હાલના અરજીપત્રકમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ હાલ અરજદારે ઈન્ડેમ્નીટી બોન્ડ રજુ કરવાની જે જોગવાઈ છે તેના બદલે તે જ ફોર્મમાં નવા સરળીકરણ કરેલ અરજીપત્રક મુજબ અરજદારે હવે માત્ર બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

(૩) હાલની જોગવાઈ મુજબ દરેક અરજદારે પેઢીનામું રજુ કરવાનું રહે છે, તેના બદલે હવેથી નવા સરળીકરણ કરેલ અરજીપત્રક મુજબ પતિ/પત્ની વારસદાર ના હોય તેવા કિસ્સામાં જ મૃત્યુ પામનારનું પેઢીનામું રજુ કરવાનું રહેશે.

(૪) અસંગઠિત શ્રમિકો કે જેઓને હજુ યુ-વિન કાર્ડ મળેલ નથી,તેઓની અસંગઠિત શ્રમિક તરીકેની ઓળખ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના વર્ગ-૨ કક્ષાના સરકારી શ્રમિક અધિકારીએ પ્રસ્થાપિત કરીને જરૂરી પ્રમાણપત્ર આપવાનું રહેશે.આ અંગેની જવાબદારી શ્રમ અને રોજગાર વિભાગની રહેશે.આ જોગવાઇ કામચલાઉ ધોરણે ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬ અને આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે કરવામાં આવે છે.

(૫) શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આગામી વર્ષ ૨૦૧૬-૧૭નું પ્રીમીયમ તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીમાં વીમાનિયામકશ્રીને ચૂકવી આપવાનું રહેશે.

(૬) આ યોજના હેઠળ મૃતક અસંગઠિત શ્રમિક હતા કે નહિ તેની ઓળખ પ્રસ્થાપિત કરવાની જવાબદારી નોડલ અધિકારી તરીકે સરકારી શ્રમ અધિકારીની ગણાય છે.આથી,જો અસંગઠિત શ્રમિક અંગે ખોટું પ્રમાણપત્ર આપવામાં આવે અથવા પ્રમાણપત્ર જ આપવામાં ના આવે અન્યથા વીમા નિયામકની કચેરીને આ અંગેનો કેસ જ રજુ કરવામાં ના આવે તો તેવા સંજોગોમાં વીમા નિયામકની કોઇ જવાબદારી રહેશે નહિં અને તે અંગેની સઘળી જવાબદારી શ્રમ અને રોજગાર વિભાગની અને જે તે સંબંધિત નોડલ અધિકારીની રહેશે.

(૭) અરજદારની દાવો રજુ કરવાની મુદત હાલ અકસ્માતે અવસાન/ઇજાની તારીખથી ૯૦ દિવસ નક્કી થયેલ છે.આ મુદતમાં સુધારો કરવામાં આવે છે અને હવે ૧૫૦ દિવસમાં દાવો નોડલ અધિકારીને રજુ કરવાનો રહેશે અને નોડલ અધિકારીએ ૩૦ દિવસમાં વીમા નિયામકશ્રીને દાવા અરજી મોકલી આપવાની રહેશે.આમ,હવે કુલ ૧૮૦ દિવસની મુદત કરવામાં આવે છે.

સદરહુ સુધારા-ઠરાવથી કરવામાં આવેલા સુધારા તા.૦૧/૦૪/૨૦૧૬થી અમલમાં આવશે.

આ યોજનાની નાણા વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૩ના સરખા ક્રમાંકના મૂળ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગુણવંત જે. શાહ)
ઉપ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીઓશ્રીઓના અંગત સચિવશ્રીઓ,ગાંધીનગર
- માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ,ગાંધીનગર
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત રાજ્ય તકેદારી આયોગ,ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ
- સચિવશ્રી,ગુજરાત મુલ્કિ સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- અધિક મુખ્ય સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,શ્રમ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,ઉચ્ચ શિક્ષણની કચેરી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,ટેકનિકલ શિક્ષણની કચેરી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- ખેતી નિયામકશ્રી,કૃષિ ભવન,ગાંધીનગર
- ગ્રામ શ્રમ આયુક્તશ્રી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ),ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ.),ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ
- નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારી,અમદાવાદ / ગાંધીનગર / વડોદરા / નર્મદા
- વીમા નિયામકશ્રી,વીમા અને લેખા-ભવન,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પેન્શન અને પ્રોવિડંટ ફંડ નિયામકશ્રી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

- નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- સર્વે બોર્ડ/કોર્પોરેશન
- નાણા વિભાગના સર્વે અધિકારીઓ (નાણા સલાહકારશ્રીઓ સહિત)
- નાણા વિભાગની સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત)
- સિલેક્ટ ફાઇલ,"ન"-શાખા,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- "ક" - વર્ગ ફાળવણી.

વારસદાર/
અરજદારનો ફોટો

## અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ મૃત્યુ પામેલ/કાયમી અપંગતાના કેસમાં વીમા સહાય માટેનું અરજી પત્રક

હું/અમો નીચે સહી કરનાર શ્રી/શ્રીમતિ.................................................................................................
સરનામું:..........................................................................................જાહેર કરું છું/કરીએ છીએ કે તા.......................
ના રોજ અકસ્માત થવાથી હું અથવા મારા માતા/પિતા/પતિ/પત્ની/પૂત્ર/પૂત્રી તા.....................................ના રોજ અવસાન પામેલ છે/કાયમી/અંશત અપંગ થયેલા છે. આ સબબ હું/અમો સ્વર્ગસ્થના વારસદાર તરીકે ગુજરાત સામૂહીક જૂથ (જનતા)અકસ્માત વીમા દાવા ( યોજનાનું નામ..........................................................) ની રકમ રૂ...............................માટે અરજી કરું છું/કરીએ છીએ.

### મૃત્યુ પામેલ/અપંગ થયેલા વ્યક્તિ અંગેની માહિતી

૧. અવસાન પામનાર/અપંગ થનારનું નામ (પતિ/પિતા સાથે) :-
(પરિણિત/અપરણિત/વિધુર/વિધવા/પુરુષ/સ્ત્રી)
૨. અરજદારનું પૂરૂં સરનામું :-
૩. અરજદારનો ફોન નબર/મોબાઈલ નંબર :-
૪. અવસાન/અપંગ થનાર વ્યક્તિની ઉંમર :-
૫. અકસ્માત/મૃત્યુ/શારીરિક અપંગતાની ટૂંકમાં વિગત :-

### મૃત્યુ પામેલ વ્યક્તિના વારસદારની માહિતી

| અ.નં. | નામ | ઉંમર | મૃત્યુ પામેલ વ્યક્તિ સાથે સંબંધ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

નોંધ : પતિ/પત્ની વારસદાર ન હોય તેવા કિસ્સામાં મૃત્યુ પામનારનું પેઢી નામુ રજૂ કરવું.

અરજી સાથે નીચે પ્રમાણેના પ્રમાણપત્રો અને દસ્તાવેજો બિડાણ કરેલ છે.

તારીખ :
સ્થળ :

અરજદારનું નામ :
સહી :

# બાંહેધરી પત્રક

આથી હું.........................................................ઉ.વ...........(પુરૂં સરનામું) ........................... તાલુકા...........
જિલ્લો...................ધંધો..................................આજરોજ લખી આપી જણાવું છું કે, (મૃત
નું તા..../...../૨૦૦....... ના રોજ અકસ્માતે મૃત્યુ નીપજેલ હતું. આ બાબતમાં પોલિસ સ્ટેશનમાં રજીસ્ટ
નં.........................તા.................ના રોજ નોંધાયો છે. મૃતક સાથે અમો...........................નો સબંધ ધરાવતા હત
ગુજરનાર શ્રી...............................ના કુટુંબના સભ્યોના નામ નીચે મુજબ છે.

| અ.નં. | નામ | ઉંમર | ગુજરનાર સાથેનો સબંધ |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| | | | |

ગુજરનાર શ્રી.................................ના વારસ તરીકે/દાવેદાર તરીક હું આ બાંહેધરી પત્ર લખી આ જણાવું છું કે, ગુજરનારના કુટુંબીજનોને સરકારશ્રીની સમૂહિક જૂથ અકસ્માત...............................યોજના આકસ્મિ મૃત્યુ/અપંગતા સહાય યોજના હેઠળ કુલ રૂ.........................ચૂકવવામાં આવશે તો મને તથા ઉપર દર્શાવેલ કુટુંબીજનોને મળેલ ગણાશે.

આથી હું બાંહેધરી આપું છું કે, મે કે મૃતક ના અન્ય કોઈ વારસદારે સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજનાન અન્ય કોઈ યોજના હેઠળ બીજી કોઈ દાવા અરજી કરેલ નથી કે કરીશ/કરશે પણ નહી. જો શરત ચૂકથી આ લાભ ઉ યોજનામાં લેવાયેલ સાબિત થશે તો એક યોજનાની વળતરની રકમ હું પરત કરવા બાંહેધરી આપું છું.

ગુજરનાર શ્રી.............................નું મૃત્યુ કુદરતી કે આપઘાતથી થયેલ હશે અથવા દાવા સાથે રજૂ કરેલ સાધનિક કાગળો જો ઉપજાવી કાઢેલા જણાશે અગર ખોટી માહિતી રજૂ કરેલ હશે. અથવા સામૂહિક જૂથ અકસ્મા યોજનાની અન્ય કોઈ યોજના હેઠળ દાવા રકમ મેળવેલ હશે તો ઉપર દર્શાવેલ સહાય રૂ............................તથા જે તે રકમ મળ્યાની તારીખથી પ્રવર્તમાન ધોરણે ચક્વૃધ્ધિ વ્યાજે અથવા સરકારશ્રી નક્કી કરે તે દરે ચક્વૃધ્ધિ વ્યાજ સહિત થતી રકમ હું સરકારશ્રીને પરત કરવા/ભરવા આથી સંમતિ અને કબુલાત આપું છું.

સરકારશ્રી જ્યારે આ રકમ મને પરત કરવા જણાવે તે વેળાએ રકમ પરત કરવામાં ન આવે તો અથવા પૂ -પૂરી રકમ પરત કરવામાં ન આવે તો સરકારશ્રી નક્કી કરે તે મુજબ કોઈ પણ જાતના વાંધા વચકા વગ મારી/મારા વારસદારો પાસે જે કાંઈ સ્થાવર/જંગમ મિલકત આવેલ છે. તે તમામ મિલકતોને પ્રાપ્ત/જપ્ત કર શકશે તે અંગે હું બાંહેધરી આપું છું. તે જ પ્રમાણે આપવામાં આવેલ બાંહેધરી ખત અંગે મારા કોઈપણ વારસદારે તેમજ આ મિલકતના ભાગીદારો વાંધો ઉઠવી શકશે નહીં તેની બાંહેધરી આપું છું અને ચૂકવવામાં આવેલ રૂ......................તથા વખતોવખત મળતા વ્યાજની રકમ તથા તેવી તમામ રકમ પર થતી વ્યાજની રકમ પરત કરવા માટે કોઈપણ પૂર્વ શરત વિના પરત કરવા બંધાઉ છું.

પેજ નં ૭

વધુમાં હું જાણું છું કે તકરારના મુદ્દે અર્ધન્યાયિક/ન્યાયિક કાર્યક્ષેત્ર/હકૂમત ફક્ત ગાંધીનગર મુકામે જ રહે તથા અરજદાર/મૃતક/વારસદાર યોજનાના ફક્ત લાભાર્થી હોવાથી સરકારશ્રીના સંબંધિત યોજનાના વી: પ્રસ્તાવકર્તા વિભાગની સંમતિ મેળવ્યા બાદ જ કાનૂની કાર્યવાહી કરી શકાશે તે ઉપરોક્ત હકીકતો મને કબુલ છે અ તે અંગે હું ભવિષ્યમાં કોઈપણ વાંધા, તકરાર કે હરકત કરૂં તો તે આ બાંહેધરી પત્રથી રદબાતલ હોઈને ચાલશે નહી

આ બાંહેધરી પત્રક આપેલ છે તે શુધ્ધ બુધ્ધિપૂર્વક સાચી સમજણ અને સભાનતા પૂર્વકની અમારી સંમતથી આપે છે.

બાંહેધરી પત્રક રજૂ કરનારની સહી

<u>ગુજરનાર અન્ય વારસદારોનું સંમતિ પત્રક</u>

| અ.નં. | નામ | સરનામું | ઉંમર/વર્ષ | સહી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

<u>સાક્ષીઓની સહી તથા પૂરું નામ અને સરનામું</u>

| અ.નં. | નામ | સરનામું | ઉંમર/વર્ષ | સહી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |